OSHWAL
ASSOCIATION OF THE UK

# Oshwal Online Jain Pathshala

## Term 3 – Class 1

## 14 June 2021 – 8.00 – 9.15 pm




## OAUK ઓનલાઇન જૈન પાઠશાળા

## ટર્મ ૩– વર્ગ ૧

## ૧૪ જૂન ૨૦૨૧ – રાત્રે ૮.૦૦ – ૯.૧૫

## નમસ્કાર (નવકાર) મંત્ર
## Namaskar (Navkar) Mantra

નમો અરિહંતાણં
**Namo Arihantanam**

નમો સિદ્ધાણં
**Namo Siddhanam**

નમો આયરિયાણં
**Namo Ayariyanam**

નમો ઉવજ્ઝાયાણં
**Namo Uvajjhayanam**

નમો લોએ સવ્વ-સાહૂણં
**Namo Loe Savva Sahunam**

એસો પંચ-નમુક્કારો
**Eso Pancha Namukkaro**

સવ્વ પાવ-પ્પણાસણો
**Savva Pavappanasano**

મંગલાણં ચ સવ્વેસિં
**Mangalanam Cha Savvesim**

પઢમં હવઈ મંગલં
**Padhamam Havai Mangalam**





| | | |
|---|---|---|
| **શ્રી સરસ્વતી દેવી સ્તુતિ** | | Shri Sarasvati Devi Stuti |
| શ્રી શ્રુતદેવી સરસ્વતી ભગવતી, હમકો વર દેના, | | Shri Shrutdevi Sarasvati Bhaghvati, Hamko Var Dena, |
| જીવન કી બાંસુરી મેં દેવી, શ્રદ્ધા સ્વર ભર દેના, | | Jivan Ki Bansuri Me Devi, Shraddha Svar Bhar Dena, |
| સમ્યગ જ્ઞાનકા દીપ જલાકર, મનકા તિમીર હટાના, | | Samyag Gyan Ka Deep Jalaakar, Man Ka Timir Hataana, |
| ના ભૂલેના ભટકે માતા, ઐસી રાહ બતાના. | | Na Bhulena Na Bhatke Mata, Aiisi Raah Bataana. |
| | | |
| **શ્રી સરસ્વતી દેવી મંત્ર** | | Shri Sarasvati Devi Mantra |
| ૐ ઐમ્ નમ: | | Om Aiim Namah! |

| | | | |
|---|---|---|---|
| | પ્રભુ દર્શન વિધિ | | Prabhu Darshan Vidhi |
| | પુનરાવર્તન: | | Revision: |
| ૧ | જિન મંદિર પ્રવેશ<br>ધજા નિહાળતા 'નમો જિણાણં' કહેવું | 1 | Entry into the Derasar<br>Recite 'Namo Jinanam' whilst seeing the Dhaja (Flag) |
| ૨ | તિલક | 2 | Tilak |
| 3 | પ્રથમ નિસીહિ -<br>જિનાલયના મુખ્યદ્વારેથી પ્રવેશ કરતા બોલવી. | 3 | First Nisiihi<br>Recite the first Nisiihi at the main entrance when entering the Derasar. |
| ૪ | પહેલો પ્રણામ<br>પ્રથમ નિસીહિ પછી પરમાત્માનું મખુ જોતાંની સાથે બન્ને હાથ જોડી મસ્તક નમાવી પહલો પ્રણામ કરવો. 'નમો જિણાણં' કહેવું | 4 | The First Pranam<br>After the first 'Nisiihi', seeing Parmatma, bow down folding both hands, taking them up to the forehead and say 'Namo Jinanam'. |
| ૫ | ત્રણ પ્રદક્ષિણા<br>ભગવાનની જમણી બાજુથી ત્રણ 'પ્રદક્ષિણા'ની શરૂઆત કરવી. પ્રદક્ષિણા લેતાં દુહા અથવા પ્રાર્થના બોલી શકાય. પછી પ્રભુજી સન્મુખ એક ખમાસમણ દેવું. દરેક પ્રદક્ષિણા પછી પ્રભુજીની સન્મુખ એક ખમાસમણ દેવું | 5 | Three Pradakshinas<br>Proceed to take three 'Pradakshinas' (circumambulations) of Parmatma, starting from the right side of Bhagwan. Duha or Prarthna can be recited while taking and the Pradakshina. Take one Khamasaman before Prabhuji after each Pradakshina. |

| | | | |
|---|---|---|---|
| | પ્રભુ દર્શન ચાલુ....... | | Prabhu Darshan continued……. |
| | ભાઈઓએ પરમાત્માની જમણી બાજુએ અને બહેનોએ ડાબી બાજુએ ઊભા રહીને દર્શન કરવા જોઈએ. દર્શન કરતી વખતે બે હાથ જોડીને ભાવવાહી સ્તુતિ બોલવી. | | Men should stand to the right and women should stand to the left side of Parmatma. For Darshan, fold both hands and recite a devotional Stuti. |
| | | | |
| ૬ | સ્તુતિ | 6 | Stuti |
| | દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપ નાશનમ્, | | Darshanam Dev Devasya, Darshanam Paap Naashanam, |
| | દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનમ્. | | Darshanam Svarg Sopaanam, Darshanam Moksha Saadhanam. |
| | | | |
| | દયાસિંધુ દયાસિંધુ, દયા કરજે દયા કરજે, | | Daya Sindhu Daya Sindhu, Daya Karje Daya Karje, |
| | મને આ જંજીરોમાંથી, હવે જલદી છૂટો કરજે. | | Mane Aa Zanziromaathi, Have Jaldi Chhuto Karje. |
| | નથી આ તાપ સહેવાતો, ભભૂકી કર્મની જ્વાળા, | | Nathi Aa Taap Sahevaato, Bhabhuki Karmani Jvaala, |
| | વરસાવી પ્રેમની ધારા, હ્રદયની આગ બુઝવજે. | | Varsaavi Premni Dhaara, Hradhayani Aag Bujaavje. |
| | | | |
| | દાદા તારી મુખ મુદ્રાને, અમિય નજરે નિહાળી રહ્યો, | | Dada Taari Mukh Mudraane, Amiya Najare Nihaali Rahyo, |
| | તારા નયનોમાંથી ઝરતું, દિવ્ય તેજ હું ઝીલી રહ્યો. | | Taara Nayanomaathi Zhartu, Divya Tej Hun Zhili Rahyo. |
| | ક્ષણભર આ સંસારની માયા, તારી ભક્તિમાં ભૂલી ગયો, | | Skshanbhar Aa Sansaar Ni Maaya, Taari Bhakti Ma Bhuli Gayo, |
| | તુજ મૂર્તિમાં મસ્ત બનીને, આત્મિક આનંદ માણી રહ્યો. | | Tuj Murtima Mast Banine, Aatmik Anand Maani Rahyo. |

| | | | |
|---|---|---|---|
| | **અષ્ટપ્રકારી પૂજા** | | **Ashtaprakari Puja** |
| | પૂજાના પ્રકાર | | Types of Puja |
| ૧ | દ્રવ્ય પૂજા (અંગ અને અગ્ર પૂજા) | 1 | Dravya Puja (Anga and Agra Puja) |
| ૨ | ભાવ પૂજા | 2 | Bhaav Puja |
| | શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા મુખ્યત્વે બે પ્રકારે થાય છે: દ્રવ્યથી અને ભાવથી. કોઈ પણ દ્રવ્યના માધ્યમથી થતી પૂજા તે દ્રવ્ય પૂજા છે. મનને પ્રભુમય બનાવીને તેમના ગુણોમાં એકાકાર બનવું તે ભાવ પૂજા કહેવાય છે. ભાવ પૂજાનો મુખ્ય હેતુ છે ભગવાનની સ્તુતિ, અને આ માધ્યમથી ભગવાનના ગુણો સાથે પોતાના આત્માની સરખામણી અને એમના જેવું પદ પામવાની ભાવના કરવી. દ્રવ્ય પૂજા તે ભાવ પૂજાનું નિમિત્ત છે. દ્રવ્યપૂજામાં અંગ પૂજા અને અગ્ર પૂજાનો સમાવેશ થાય છે. અંગ પૂજામાં ત્રણ અને અગ્ર પૂજામાં પાંચ એમ મળીને અષ્ટપ્રકારી પૂજા થાય છે. ચૈત્યવંદન ભાવ પૂજા છે. | | There are two main forms of Jineshvar Bhagwan's Puja: Dravya and Bhaav. Any Puja carried out with the help of material objects is Dravya Puja. To immerse the mind in the worship of Prabhuji and embracing his virtues is called Bhaav Puja. The main aim of Bhaav Puja is to perform Bhagwan's stuti and through this medium to compare Bhagwan's infinite virtues with one's limited few, consequently desiring to attain His state. Dravya Puja acts as a catalyst for Bhaav Puja. Dravya Puja includes Anga Puja and Agra Puja. Three types of Bhaav Puja and five types of Agra Puja constitutes the Ashtaprakari Puja. Chaityavandan is Bhaav Puja. |

## અષ્ટપ્રકારી પૂજા

- દ્રવ્ય પૂજા
  - અંગ પૂજા
    - ૧. જલ પૂજા
    - ૨. ચંદન પૂજા
    - ૩. પુષ્પ પૂજા
  - અગ્ર પૂજા
    - ૪. ધૂપ પૂજા
    - ૫. દીપક પૂજા
    - ૬. અક્ષતપૂજા
    - ૭. નૈવેદ્ય પૂજા
    - ૮. ફળ પૂજા
- ભાવ પૂજા
  ચૈત્યવંદન

## Ashtaprakari Puja

- Dravya Puja
  - Anga Puja
    - 1. Jal Puja
    - 2. Chandan Puja
    - 3. Pushpa Puja
  - Agra Puja
    - 4. Dhoop Puja
    - 5. Deepak Puja
    - 6. Akshat Puja
    - 7. Naivaidya Puja
    - 8. Fal Puja
- Bhaav Puja
  Chaityavandan

| | | | |
|---|---|---|---|
| | **પૂજાનું મહત્ત્વ** | | **Importance of Puja** |
| | ભગવાનના માત્ર દર્શનથી સંતોષ માનવો એ યોગ્ય નથી, કારણ કે ભગવાન માત્ર દર્શનીય નથી, પણ પૂજનીય પણ છે. તેથી યોગ્યનું યોગ્ય બહુમાન થવું જ જોઈએ. સંસાર-વ્યવહારમાં મુખ્યત્વે આપણે ત્રણ પ્રકારની વ્યક્તિઓને પૂજનીય માનીએ છીએ: | | It is not appropriate to be satisfied by merely seeing Bhagwan or performing Darshan, because Bhagwan is not just worthy of being seen. He is worthy of being worshipped. Hence it is only appropriate that we show our reverence by doing Puja. In day-to-day relations, we mainly consider three types of people as worthy of respect and reverence: |
| ૧ | જે વ્યક્તિ આપણા કરતાં ખૂબ મહાન હોય છે. | 1 | Someone who is much greater than us. |
| ૨ | જેનો આપણા ઉપર ઘણો ઉપકાર હોય છે. | 2 | Someone who has showered numerous favours on us. |
| 3 | જેની પાસેથી આપણને કંઈક અમૂલ્ય જોઈતું હોય છે. | 3 | Someone from whom we want something invaluable. |
| | માત્ર ભગવાનમાં જ આ ત્રણનો સમાવેશ થાય છે. | | Bhagwan is the only one who is a combination of the above three. |
| ૧ | ભગવાન ખૂબ જ મહાન છે, અનંત ગુણોના ભંડાર છે, પૂર્ણતા પામ્યા છે. | 1 | Bhagwan is great, a treasure-house of infinite virtues, who has reached a state of perfection. |
| ૨ | ભગવાનના આપણા ઉપર અગણિત ઉપકાર છે, આપણી પાસે જે કાંઈ પણ છે, તે માત્ર તેમની કૃપાપ્રસાદી છે. | 2 | Bhagwan has bestowed infinite grace upon us. Whatever we have, is only because of His grace. |
| 3 | ભગવાન પાસેથી આપણને કાંઈક ઉત્કૃષ્ટ કલ્યાણકારી જોઈએ છે. એમના જેવા અનંત ગુણો, એમના જેવી વીતરાગી દશા, જે આપણને આપણા મોક્ષ માર્ગની યાત્રામાં મદદરૂપ થાય છે. છે | 3 | We would like to acquire something invaluable from Bhagwan i.e. His infinite virtues and His state of absolute detachment, which helps us in our journey towards liberation. |

| શ્રી જગચિંતામણી સૂત્ર – ચૈત્યવંદન સૂત્ર | | Shri Jag-Chintamani Sutra – Chaityavandan Sutra |
|---|---|---|
| ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું? ઇચ્છં | | Ichchhaakarena Sandisaha Bhagwan! Chaityavnadan Karu? Ichchham |
| જગચિંતામણી જગનાહ, જગગુરૂ જગરક્ખણ | | Jaga-chintaamani Jaga-naah, Jaga-guru, Jaga-rakkhan |
| જગબંધવ જગસત્થવાહ જગભાવવિઅક્ખણ | | Jaga-bandhav Jaga-satthavaah, Jaga-bhava-viakkhan |
| અટ્ઠાવયસંઠવિઅ રૂવ કમ્મટ્ઠ વિણાસણ | | Aatthavay-santhavia Ruv, Kammath Vinaasan |
| ચઉવીસં પિ જિણવર જયંતુ, અપ્પડિહય સાસણ (૧) | | Chauvisam Pi Jinavar Jayantu, Appadihay Saasan (1) |
| | | |
| કમ્મભૂમિહિં, કમ્મભૂમિહિં પઢમ સંઘયણિ, | | Kamma-bhumihim, Kamma-bhumihim Padham Sanghayani |
| ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઈ | | Ukkosay Sattarisay, Jinvaraan Viharant Labbhai |
| નવકોડિહિં કેવલિણ, કોડિસહસ્સ નવ સાહૂ ગમ્મઈ | | Nava-kodihim Kevalin, Kodi-sahass- Nava Saahu Gammai |
| સંપઈ જિણવર વીસ મુણિ, બિહું કોડિહિં વરનાણ | | Sampai Jinavar Vis Muni, Bihum Kodihim Varanaan |
| સમણહ કોડિસહસ્સ દુઅ, થુણિજ્જઈ નિચ્ચ વિહાણિ (૨) | | Samanah Kodi-sahass Dua, Thunijjai Nichcha Vihaani (2) |
| | | |
| જયઉ સામિય, જયઉસામિય, રિસહ સત્તુંજિ | | Jayau Samiya, Jayau Samiya Risaha Sattunji |
| ઉજ્જિંજતિ પહુ નેમિજિણ, જયઉ વીર સચ્ચઉરિમંડણ | | Ujjinti Pahu Nemi-jina, Jayau Veer Sachchauri-mandan |
| ભરૂઅચ્છહિં મુણિસુવ્વય, મુહરિ પાસ દુહ-દુરિઅ ખંડણ | | Bharu-achchhahim Muni-suvvay, Muhari Paas, Duha-duria Khandan |
| અવર વિદેહિં તિત્થયરા, ચિહુંદિસિ વિદિસિ જિં કેવિ | | Avar Videhim Titthayara, Chihum Disi Vidisi Jin/m Kevi |
| તિઆણાગય-સંપઈય, વંદુ જિણ સવ્વેવિ (3) | | Tianagay-sampaiya, Vandu Jin Savvevi (3) |
| | | |
| સત્તાણવઈ સહસ્સા, લક્ખા છપ્પન્ન અટ્ઠ-કોડિઓ | | Sattanavai Sahassa, Lakkha Chhappanna Attha-kodio |
| બત્તિસય, બાસિઆઈ તિઅલોએ ચેઈએ વંદે (૪) | | Battisay Baasiaim, Tialoe Cheie Vande (4) |
| | | |

| | | |
|---|---|---|
| પનરસ કોડિસયાઈં, કોડિ બાયાલ લક્ખ્ અડવન્ના | | Panaras Kodi Sayaaim, Kodi Baayaal lakkha-adavanna |
| છત્તીસ સહસ્સ અસિઈં, સાસયબિંબાઈં પણમામિ (૫) | | Chhattis Sahass Asiim, Saasay-bimbaaim Panamaami (5) |
| ભાવાર્થ: આ સૂત્ર, શ્રી ગૌતમસ્વામીએ બનાવેલું ચૈત્યવંદન છે. ગૌતમસ્વામી મહારાજ અષ્ટાપદ તીર્થે જાત્રા કરવા ગયા હતા ત્યારે તેમણે તેની રચના કરી હતી.<br>પહેલી ગાથામાં અષ્ટાપદ ઉપર રહેલા ચોવીસ તીર્થંકરો, બીજી ગાથામાં વધારેમાં વધારે અને ઓછામાં ઓછા તીર્થંકરો, કેવલજ્ઞાનીઓ તેમજ સાધુઓ કેટલા વિચરે છે અને ત્રીજી ગાથામાં શ્રી શત્રુંજય આદિ તીર્થોમાં રહેલા જિનેશ્વરો તેમજ ચોથી ગાથામાં ત્રણ લોકમાં રહેલા ૮,૫૭,૦૦,૨૮૨ શાશ્વતા જિન ચૈત્યો અને પાંચમી ગાથાથી ૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦ શાશ્વતી જિન પ્રતિમાઓને વંદન થાય છે. | | Significance: This Sutra is Chaityavandan composed by Shri Gautaum Swami, when he went on a pilgrimage to Ashtapad Tirth.<br>In the first verse, obeisance is offered to the twenty four Tirthankaras whose idols are there on the Ashtapad Tirth. In the second verse, obeisance is offered to to the existent living maximum and minimum Tirthankaras, the omniscient as well as the Sadhus (in all Karma bhumies), in the third verse, obeisance is offered to the Jinesvaras on the Tirths in the three worlds i.e Shatrunjay and others. Similaly in the fourth gatha, abeisance is offered 8,57,00,282 ever-lasting and eternal Jina-chaityas in all three worlds and in the fifth verse, obeisance is offered to the 15,42,58,36,080 perpetual and eternal Jina idols. |

| શ્રી જગચિંતામણી સૂત્ર (અર્થ સહિત) | | Shri Jagchintamai Sutra (with meaning) |
|---|---|---|
| ૧ઇચ્છાકારેણ ૨સંદિસહ ૩ભગવન્ ! ૪ચૈત્યવંદન કરું? ૫ઇચ્છં | | ૧ઇચ્છાપૂર્વક ૨આજ્ઞા આપો ૩હે ભગવંત ! ૪હું ચૈત્યવંદન કરું? ૫આજ્ઞા પ્રમાણે |
| અષ્ટાપદ પર્વત ઉપરના ચોવીશ તીર્થંકર પ્રભુને વંદન | | અષ્ટાપદ પર્વત ઉપરના ચોવીશ તીર્થંકર પ્રભુને વંદન |
| ૧જગ ૨ચિંતામણી ૩જગ ૪નાહ, ૫જગ ૬ગુરૂ ૭જગ ૮રક્ખણ, | | હે ૧જગતના ૨ચિંતામણીરત્ન ૩હે જગતના ૪નાથ, ૫હે જગના ૬ગુરૂ ૭હે જગતના ૮રક્ષક, |
| ૯જગ ૧૦બંધવ ૧૧જગ ૧૨સત્થવાહ ૧૩જગ ૧૪ભાવ ૧૫વિઅક્ખણ, | | ૯હે જગતના ૧૦બંધુ (સગા) ૧૧હે જગતના ૧૨સાર્થવાહ ૧૩હે જગતના ૧૪ભાવોના ૧૫જ્ઞાતા, |
| ૧૬અટ્ઠાવય ૧૭સંઠવિઅ ૧૮રૂવ ૧૯કમ્મટ્ઠ ૨૦વિણાસણ | | ૧૬હે અષ્ટાપદ પર્વત પર ૧૭સ્થાપિત ૧૮બિંબવાળા ૧૯હે  આઠ કર્મોના ૨૦વિનાશક |
| ૨૧ચઉવીસં પિ ૨૨જિણવર ૨૩જયંતુ, ૨૪અપ્પડિહય ૨૫સાસણ (૧) | | ૨૧હે ચોવીસ ૨૨જિનેન્દ્ર ૨૩આપ જયવંત રહો, ૨૪અબાધિત ૨૫શાસનવાળા (૧) |
| | | |
| વિચિચરતા ઉત્કૃષ્ટ અને જગન્ય તીર્થંકરો આદિને વંદન | | વિચિચરતા ઉત્કૃષ્ટ અને જગન્ય તીર્થંકરો આદિને વંદન |
| ૧કમ્મભૂમિહિં, કમ્મભૂમિહિં ૨પઢમ ૩સંઘયણિ | | ૧કર્મભૂમિઓમાં, ૨પ્રથમ ૩વજ ઋષભ નારાચ સંઘયણ વાળા |
| ૪ઉક્કોસય ૫સત્તરિસય, ૬જિણવરાણ ૭વિહરંત ૮લબ્ભઈ | | ૪ઉત્કૃષ્ટ થી ૫એક સો સિત્તેર (૧૭૦), ૬જિનેશ્વર ૭વિચરતા રહેલાં ૮મળે છે ઉતકૃષ્ટ |
| ૯નવકોડિહિં ૧૦કેવલિણ, ૧૧કોડિસહસ્સ નવ ૧૨સાહૂ ૧૩ગમ્મઈ | | ૯નવ ક્રોડ ૧૦કેવલજ્ઞાનિ, ૧૧૯૦૦૦ ક્રોડ ૧૨સાધુ ૧૩મળે છે |
| ૧૪સંપઈ ૧૫જિણવર ૧૬વીસ મુણિ, ૧૭બિહું ૧૮કોડિહિં ૧૯વરનાણ | | ૧૪વર્તમાનમાં ૧૫જિનેશ્વર ૧૬વીસ (૨૦) મુનિ, ૧૭બે(૨) ૧૮ક્રોડ ૧૯કેવળજ્ઞાનિ, |
| ૨૦સમણહ ૨૧કોડિસહસ્સ ૨૨દુઅ, ૨૩થુણિજ્જઈ ૨૪નિચ્ચ વિહાણિ (૨) | | ૨૦સાધુ ૨૧ક્રોડ ૨૨બે, ૨૩ ૨૫સ્તુતિ કરવામાં આવે છે ૨૪નિત્ય પ્રાત: કાળમાં (૨) |

| | | |
|---|---|---|
| ભરતક્ષેત્રના પ્રસિદ્ધ તીર્થોના ચૈત્યોમાંના તીર્થંકરોને વંદન – જય પામો જય પામો જય પામો! | | ભરતક્ષેત્રના પ્રસિદ્ધ તીર્થોના ચૈત્યોમાંના તીર્થંકરોને વંદન – જય પામો જય પામો જય પામો! |
| ૧જયઉ ૨સામિય, જયઉસામિય, ૩રિસહ ૪સત્તુંજિ | | ૧હે આપની જય હો ૨સ્વામિન, આપની જય હો, ૩ ઋષભદેવ! ૪શત્રુંજય ઉપર, |
| ૫ઉજ્જિંજતિ ૬પહુ ૭નેમિજિણ, જયઉ ૮વીર ૯સચ્ચઉરિ ૧૦મંડણ | | ૫ગિરનાર ઉપર ૬પ્રભુ ૭હે નેમિનાથ, જય હો ૮મહાવીર ૯સાંચોરના ૧૦શ્રૃંગાર હે |
| ૧૧ભરૂઅચ્છહિં ૧૨મુણિસુવ્વય, ૧૩મુહરિ ૧૪પાસ ૧૫દુહ-૧૬દુરિઅ ૧૭ખંડણ | | ૧૧ભરૂચમાં હે ૧૨મુનિસુવ્રત જિન! ૧૩મથુરામાં ૧૪પાર્શ્વનાથ આપની જય હો) ૧૫દુ:ખ અને૧૬પાપના ૧૭નાશક હે |
| ૧૮અવર વિદેહિં ૧૯તિત્થયરા, ૨૦ચિહું ૨૧દિસિ ૨૨વિદિસિ ૨૩જિં ૨૪કેવિ | | ૧૮અન્ય ક્ષેત્ર તેમજ મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા ૧૯તિર્થંકર, ૨૦ચારેય ૨૧દિશાઓ તેમજ ૨૨વિદેશોમાં ૨૩જે ૨૪કોઈ તીર્થંકર |
| ૨૫તિઆણાગય-૨૬સંપઈય, ૨૭વંદુ ૨૮જિણ ૨૯સવ્વેવિ (3) | | ૨૫થયા છે, થવાના છે અને ૨૬વર્તમાનમાં જે વિદ્યમાન છે, ૨૭વંહું વંદન કરું છું૨૮જિનેશ્વરો દેવને ૨૯એ બધા. (3) |
| | | |
| ત્રણેય લોકના સર્વ ચૈત્યોને વંદન | | ત્રણેય લોકના સર્વ ચૈત્યોને વંદન |
| ૧સત્તાણવઈ ૨સહસ્સા, ૩લક્ખા ૪છપ્પન્ન ૫અટ્ઠ-૬કોડિઓ | | ૧સત્તાણુ ૨હજાર (૯૭,000), ૩લાખ ૪૫૬ (૫૬,00,000) ૫આઠ (૮) ૬કરોડ |
| ૭બત્તિસય, ૮બાસિઆઈ ૯તિઅલોએ ૧૧ચેઈએ ૧૨વંદે (૪) | | ૭બત્રીસ સો ૮બ્યાસી (3,૨૮૨) ૯ત્રણ લોકમાં સ્થિત ૧૧શાશ્વત જિનમંદિરોને ૧૨વંદન કરું છું – (૮,૫૬,૯૭,3,૨૮૨) (૪) |
| | | |
| ત્રણેય લોકના બિંબો - જિન પ્રતિમાઓને વંદન | | ત્રણેય લોકના બિંબો - જિન પ્રતિમાઓને વંદન |
| ૧પનરસ ૨કોડિ ૩સયાઈં, ૪કોડિ ૫બાયાલ ૬લક્ખ્ ૭અડવન્ના | | ૧પંદર ૨કરોડ ૩સો, (૧૫,00,00,00,000) ૪કરોડ ૫બેતાલીસ (૪૨,00,00,000) ૬લાખ ૭અઠ્ઠાવન (૫૮,00,000) |
| ૮છત્તીસ ૯સહસ્સ ૧૦અસિઈ, ૧૧સાસય ૧૨બિંબાઈ ૧૩પણમામિ (૫) | | ૮છત્રીસ ૯હજાર ૧૦અસીં, (3૬,0૮0) ૧૧શાશ્વત ૧૨બિંબોને – જિન પ્રતિમાઓને ૧૩પ્રણામ કરું છું -(૧૫,૪૨,૫૮,3૬,0૮0) (૫) |

| | | |
|---|---|---|
| Shri Jag-Chintamani Chaityavandan (with meaning) | | Shri Jag-Chintamani Chaityavandan (with meaning) |
| 1Ichchhaakarena 2Sandisaha 3Bhagwan! 4Chaityavnadan Karu? 5Ichchham | | IVoluntarily 2give the permission 3Oh! Bhagwan! 4Shall (I) perform Chaityavandan? 5(I) am accepting your order |
| Obeisance to the twenty-four Tirthankaras on Ashtapad Mountain | | Obeisance to the twenty-four Tirthankaras on Ashtapad Mountain |
| 1Jaga-2chintaamani 3Jaga-4naah, 5Jaga-6guru, 7Jaga-8rakkhan | | 1of the universe-2like the fabulous mythological gem 3of the universe-4the Lord, 5of the Universe-6the preceptor (guru), 7of the universe 8the protector |
| 9Jaga-10bandhav 11Jaga-12satthavaah, 13Jaga-14bhaav-15viakkhan | | 9of the universe 10the brother 11of the universe-12sthe supreme guide 13of the universe 14all the truths 15vproficient (in knowing and manifesting) |
| 16Aatthaavay-16santhavia 18Ruv, 19Kammath 20Vinaasan | | 16on Ashtapad Mountain 16are concentrated 18idols 19of karmas 20inof all eight-the annihilator |
| 21Chauvisam Pi 22Jinavar 23Jayantu, 24Appadihay 25Saasan (1) | | 21all the twenty-four 22Jinavara-Jineshvara 23be your victory 24the unimpaired 25rulers (1) |
| | | |
| Obeisance to the great and worldly Tirthankaras moving around | | Obeisance to the great and worldly Tirthankaras moving around |
| 1Kamma-bhumihim, Kamma-bhumihim 2Padham 3Sanghayani | | 1activities-in the land of, activities in the land of (where people have to work for their livelihood) 2first 3having Sanghayana |
| 4Ukkosay 5Sattarisay, 6Jinvaraan 7Viharant 8Labbhai | | 4at the most 5seventy-one hundred (one hundred and seventy – (170) 6Jineshvara 7moving about 8are found |
| 9Nava-kodihim 10Kevalin, 11Kodi-sahass- Nava 12Saahu 13Gammai, | | 9nine-crore 10Kevalis 11crore-thousand (9,000 crore) 12Saadhus 13are present |
| 14Sampai 15Jinavar 16Vis Muni, 17Bihum 18Kodihim 19Varanaan | | 14of present era 15Jineshvara 16twenty (20) munis 17two (2) 18crore 19kevala-gyaani/omniscience (munis having complete knowledge) |
| 20Samanah 21Kodi-sahass 22Dua, 23Thunijjai 24Nichcha Vihaani (2) | | 20sadhus 21thousand crore (twenty arab) 22two 23eulogy is performed 24every morning (2) |


| Obeisance to the Tirthankaras in the famous pilgrimage sites in Bharatkshetra | | Obeisance to the Tirthankaras in the famous pilgrimage sites in Bharatkshetra |
|---|---|---|
| 1Jayau 2Samiya, Jayau Samiya 3Risaha 4Sattunji | | 1be your victory 2Oh Swami be your victory Oh Swami! 3Oh Shri Rushebhdeva 4gracing the pilgrimage centre of Shatrunjay |
| 5Ujjinti 6Pahu 7Nemi-jina, Jayau 8Veer 9Sachchauri-10mandan | | 5gracing Girnara 6Prabhu 7Neminath Jineshvara Jayau 8Oh Shree Mahavir Swami 9of Satyapura 10an ornament |
| 11Bharu-achchhahim 12Muni-suvvay, 13Muhari 14Paas, 15Duha-16duria 17Khandan | | 11gracing Bharuch 12Oh Shri Munisuvrata 13gracing Mathura 14Oh Shri Parshvanatha 15of-16sins 17the annihilator |
| 18Avar Videhim 19Titthayara, 20Chihum 21Disi 22Vidisi 23Jin/m 24Kevi | | 18other of Mahavideha region 19tirthankaras 20in all 21the directions 22intermediate directions 23of the 24any |
| 25Tianagay-26sampaiya, 27Vandu 28Jin 29Savvevi (3) | | 25existed in the past/will exist in the future 26sexists at present 27 obeisance to 28Jineshvaras 29to all (3) |
| | | |
| Obeisance to all Jain temples of the three | | Obeisance to all Jain temples of the three worlds |
| 1Sattanavai 2Sahassa, 3Lakkha 4Chhappanna 5Attha-16kodio | | 1ninety seven 2thousand (97,000) 3laakh 4fifty-six (56,00,000) 5eight (8) 16krore |
| 7Battisay 8Baasiaim, 9Tialoe 10Cheie 11Vande. (4) | | 7thirty-two hundred 8eighty-two (3,282) 9all the three–present in the world 10the temples 11obeisance to (8,56,97,3,282) (4) |
| | | |
| Obeisance to all jina idols/images in the three worlds | | Obeisance to all jina idols/images in the three worlds |
| 1Panaras 2Kodi 3Sayaaim, 4Kodi 5Baayaal 6lakkha-7adavanna | | 1fifteen 2krore 3hundred (fifteen hundred (1500) crore 4crore 5forty-two (42,00,00,000) 6laakh-7fifty-eight – 58,00,000 |
| 8Chhattis 9Sahass 10Asiim, 11Saasay-12bimbaaim 13Panamaami (5) | | 8thirty-six 9thousand 10eighty (thirty-six thousand eighty -36,080) 11eternal-12to the idols 13obeisance to (Total - 15,42,58,36,080) (5) |


| | શ્રી જગચિંતામણી સૂત્ર (અર્થ) | | Shri Jag-Chintamani Chaityavandan (meaning) |
|---|---|---|---|
| | હે ભગવાન ! મને ચૈત્યવંદન કરવા માટે આજ્ઞા આપો. આપની આજ્ઞા પ્રમાણે હું ચૈત્યવંદન કરું છું. | | O Master! Willingly permit me to worship (perform Chaityavandan). As per your permission I am performing the Chaityavandan. |
| ૧ | ભવ્ય જિવોને ચિંતામણિરત્ન સમાન, ભવ્ય જીવોના નાથ, જગતના ગુરુ, છ જિવનિકાયના રક્ષક, સકળ જીવના (નિષ્કારણ) બંધુ, મોક્ષાભિલાષીના સાર્થવાહ, જગતમાં રહેલ છ દ્રવ્યને કહેવામાં વિચક્ષણ, અષ્ટાપદ પર્વત ઉપર સ્થાપેલ કરેલા છે પ્રતિબિંબ જેમના, આઠ કર્મનો નાશ કરનારા, જેમનું શાસન કોઈથી ન હણાય તેવું છે તેવા ચીવીશે પણ તીર્થંકરો જયવંતા વર્તો. | 1 | You are the wish-fulfilling gem and master of the noble souls (*bhavya* means living beings who have potential to liberate themselves). The preceptors of entire Universe, protectors of six categories of living beings, brothers of every soul, guides of people seeking liberation, intelligent expounders of six substances of Universe. Whose images have been placed on Mount Ashtäpad, destroyers of eight karmas, whose religious order cannot be destroyed by anyone, such are the 24 triumphant Peaceful liberators (*Tirthankaras*). |
| ૨ | અસિ, મષિ, કૃષી એ કર્મ છે તેથી કર્મભૂમિને વિષે પ્રથમ સંઘયણવાળા ઉત્કૃષ્ટથી એકસો સિત્તેર જિનવરો વિચરતા મળે છે. નવ ક્રોડ કેવળજ્ઞાની અને નવ હજાર ક્રોડ સાધુ વિચરતા મળે. હાલમાં વીસ તીર્થંકર, બે ક્રોડ કેવળજ્ઞાન ધારણ કરનારા મુનિઓ, બે હજાર ક્રોડ સાધુઓ વિચરે છે તેમની નિત્ય સવારે સ્તવના કરીએ છીએ. | 2 | In this land of toil (*karmabhumi*) where one has to work for livelihood, 170 Noblest (*utkrust* means excellent) Lord Tirthankaras have taken birth. Ninety million Omniscients and ninety billion monks are found at times. At present time there are 20 Tirthankaras, 20 million Omniscient and 20 billion monks present, I bow respectfully to all of them every morning. |

| | | | |
|---|---|---|---|
| ૩ | શત્રુંજય ઉપર ઋષભદેવ, ગિરનાર પર્વત ઉપર પ્રભુ નેમિ જિનેશ્વર, જયવંતા વર્તો, સાચોર નગરને શોભાવનાર મહાવીર સ્વામી, ભરૂચમાં શ્રી મુનિસુવ્રત સ્વામી અને દુ:ખ અને પાપોના નાશ કરનારા, મુહરી (હાલ ટીંટોઈ) ગામમાં બિરાજમાન શ્રી પાર્શ્વનાથ સ્વામી જય પામો. બીજા પાંચ મહાવિદહેને વિષે તીર્થંકરો હોય તથા ચાર દિશામાં અને વિદેશમાં ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળમાં જે કોઈ પણ જિનેશ્વરો હોય તે સર્વેને પણ હું વંદન કરું છું. | 3 | Rushabhdeva on Mount Shatrunjaya, Neminätha on Mount Girnära, be triumphant! Mahävira Swami who graces Sachora Nagar, Munisuvarat Swami in Bharucha and destroyer of unhappiness and sins Lord Pärshvanätha seated in Muhari (Tintoi) village, be triumphant! Other 20 Tirthankaras of 5 Videha kshetra and also all the Tirthankar of all the directions, of past, present and future, I pay my respect. |
| ૪ | ત્રણે લોકમાં રહેલા આઠ ક્રોડ, સત્તાવન લાખ, બસો ને બ્યાસી (૮,૫૭,૦૦,૨૮૨) જિનમંદિરોને વંદન કરું છું. | 4 | I salute to 85,700,282 (eighty-five million seven hundred thousand two hundred and eighty two) Jain temples located in all three worlds. |
| ૫ | તે જિનમંદિરોને વિષે રહેલા પંદર અબજ, બેંતાલીશ ક્રોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર અને એંશી (૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦) શાશ્વત બિંબોને પ્રણામ કરું છું. | 5 | I salute to permanently present (*shaashvata*) 15,425,836,080 images of Jina located in all these Jain temples. |

# શ્રી અષ્ટાપદ તીર્થ

# Shri Ashtapad Tirth





| શ્રી અષ્ટાપદ તીર્થ | | Shri Ashtapad Tirth |
|---|---|---|
| જૈન ધર્મનાં અનુયાયી માટે 'અષ્ટાપદ' સૌથી પવિત્ર સ્થળ ગણાય છે. આ અષ્ટાપદ તીર્થ હિમાલયથી ઉત્તર દિશા તરફ જતાં આવે છે.<br>'અષ્ટપદ' એટલે આઠ પગથિયાં – પર્વત કે જિનાલય ચઢવા માટેના આઠ જબરદસ્ત પગથિયાં.<br>આદિનાથ ભગવાન મહા વદ 13ના દિવસે 10000 સાધુની સાથે અષ્ટાપદ પર્વતથી મોક્ષે ગયા.<br>આદિનાથ ભગવાનના પુત્ર ભરત ચક્રવર્તીએ તેમના પિતાની સ્મૃતિમાં, અષ્ટાપદ પર્વત પર 'નિષધા' નામનું રત્નજડિત જિનાલય બંધાવ્યું. ભરત ચક્રવર્તીએ 24 ભગવાનની, યક્ષ - યક્ષિણી યુક્ત 4 દિશામાં રત્નની મણિમય પ્રતિમા ભરાવી હતી. સાથે મરુદેવી માતા, 99 સંયમી ભાઈઓ, બ્રાહ્મી અને સુંદરીની પ્રતિમા ભરાવી હતી.<br>મહાવીર સ્વામી ભગવાને તેમના વ્યાખ્યાનમાં કહ્યું હતું કે જે મનુષ્ય સ્વલબ્ધીથી અષ્ટાપદ તીર્થની યાત્રા કરીને ત્યાં રાત રહીને ભગવાનની ભક્તિ કરે, મનુષ્ય તે જ ભવમાં મોક્ષે જાય છે.<br>શ્રી મહાવીરસ્વામીના કાળમાં ગૌતમસ્વામીજી સૂર્યના કિરણો પકડી ઉપર યાત્રા કરી હતી અને જગચિંતામણી સૂત્રની કરવામાં આવી હતી. અષ્ટાપદની યાત્રા અનંત જન્મોના પાપકર્મોનો ક્ષય કરે છે. | | Ashtapad is considered to be the holiest place for the followers of Jainism.<br>Ashtpad means eight steps – which could be eight giant steps to ascend the mountain or the temple<br><br>On the day of Mahavad 13, Adinath Bhagwan with 10000 sadhus attained Moksha from Ashtapada Mountain.<br>Bharat Chakraborty, son of Adinath Bhagwan, built a jinalay named 'Nishadha' on Ashtapada Mountain as a memorial in commemoration of his father's Nirvana. The temple was made with crystal and gemstones. Bharat Chakraborty had arranged for jewelled statues to be placed in the 4 directions of the temple - of the 24 Tirthankaras with their Yaksh-Yakshanis (protectors), along with statues of Marudevi Mata, 99 brothers, Braahmi and Sundari.<br><br>Bhagwan Mahavir once said during his sermon that any human being, who can scale the mountain, stay overnight and worship the Bhagwan there will attain liberation in his life-time.<br><br>Shri Gautam Swami was able to complete his pilgrimage by special powers he possessed using the sun's rays. Gautam Swami wrote the first two verses of Jag Chintämani Sutra there. |

# સવાલોના જવાબ

# ANSWERS TO QUESTIONS

# ANSWERS TO QUESTIONS

**Please email your Questions to:**

**jainism@oshwal.org**

**OR**

**Send a whats App message to**

**Shobha Harish Shah**

**ON**

**+44(07)958447298**